GJKH070000562026

| | | | |
|---|---|---|---|
| કેસ રજુ તારીખ | ૦૪/૦૨/૨૦૨૬ | | |
| કેસ દાખલ તારીખ | ૦૪/૦૨/૨૦૨૬ | | |
| કેસ ફેંસલ તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૨ | ૨૬ |

==========================================================

## ઠાસરાના મહેરબાન જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (શ્રી વિપુલ અમૃતલાલ ઠક્કર) સાહેબની અદાલતમાં, મુ.ઠાસરા સમક્ષ

==========================================================

ફોજદારી કેસ નંબર–૪૬/૨૦૨૬
આંક :

ફરીયાદી :– શ્રી સરકાર

(ઠાસરા પો.સ્ટે. બી–પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૪૦૬૦૨૫૦૩૧૧/૨૦૨૫)

વિરૂધ્ધ

આરોપી :– (૧) ઈસ્માઈલશા સ/ઓ અહેમદશા કાલુશા ફકીર (દિવાન), ઉ.વ.૨૬

(૨) અહેમદશા કાલુશા ફકીર (દિવાન), ઉ.વ.૫૭

(૩) મુમતાજબીબી વા/ઓ અહેમદશા કાલુશા ફકીર (દિવાન), ઉ.વ.૫૭

તમામ રહે. સાંઢેલી, દિવાન ફળીયુ, તા.ઠાસરા, જિ.ખેડા

==========================================================

ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.વી.પટેલ
આરોપી પક્ષ તર્ફે વિ.વકીલશ્રી એમ.જી.મલેક

==========================================================

=====================================================

**ગુનો:– ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ મુજબ**

=====================================================

=====================================================

**સમક્ષ– શ્રી વિપુલ અમૃતલાલ ઠક્કર, જ્યુડિ. મેજી. ફર્સ્ટ કલાસ, ઠાસરા**

=====================================================

## :: ઠ રા વ ::

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, તા.૨૦/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૧:૦૦ વાગ્યાના સુમારે મોજે સાંઢેલી, મોટા ફળીયાના નાકા પાસે અગીયારેક વાગે આ કામના આરોપી નં.૩ નાઓએ ફરીયાદીને કહેલ કે, ''તારે ખેતરમાં ખેડવા જવાનુ નહી.'' જેથી ફરીયાદીએ કહેલ કે, ''તમારુ જમીનમાં નામ નથી અને ભાગ પણ નથી, હું કેમ મારા ખેતરે ખેડવા ન જાઉ'' તેમ કહેતા આરોપી નં.૩ નાઓ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલવા લાગેલ અને આરોપી નં.૩ નું ઉપરાણુ લઈ આરોપી નં.૧, ૨ નાઓ ગમેતેમ ગાળો બોલતા બોલતા આવેલ અને તે વખતે આરોપી નં.૩ નાઓએ ફરીયાદીનું મોઢુ તથા ફેટ પકડી ઝપાઝપી કરતા ફરીયાદી નીચે પડી જતા આરોપી નં.૨ નાઓ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી પેઢીમાં લાતો મારી તેમજ આરોપી નં.૧ નાઓ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી છાતીના ભાગે ગડદાપાટુનો માર મારી ત્રણેય આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૧૧૫(૨), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આ કામના ફરીયાદીએ ઠાસરા પોલીસ મથકે ફરીયાદ આપતા, ઠાસરા પોલીસે ઠાસરા પોલીસ સ્ટેશન બી–પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૪૦૬૦૨૫૦૩૧૧/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ મુજબની ફરીયાદ નોંધેલ. ત્યારબાદ ઠાસરા પોલીસે આપેલ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫(૩) મુજબની નોટીસના આધારે આરોપીઓ તા.૦૬/૧૦/૨૦૨૫ ના રોજ કલાક–

૧૧:૦૦ વાગે પોલીસ સ્ટેશનમાં હાજર થતા તપાસના કામે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. ત્યારબાદ તપાસના અંતે ત.ક.અમલદાર ધ્વારા આરોપીઓ વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ મુજબના ગુનાનું ચાર્જશીટ તા.૨૬/૧૦/૨૦૨૫ ના રોજ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે, જેને હાલનો ફોજદારી કેસ નંબર–૪૬/૨૦૨૬ પડેલ છે.

(૩) આ કામના આરોપીઓ અત્રેની અદાલતમાં તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ ચાર્જશીટ સાથે હાજર રહેલ હોય આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ ના પ્રબંધ મુજબ પોલીસ તપાસના કેસ કાગળોની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને તે આક્ષેપાયેલ ગુના બાબતે અત્રેની અદાલતે આરોપીઓનું આંક–૦૪ થી આંક–૦૬ સુધી નિવેદન (પ્લી) નોંધતા તેમાં આરોપીઓએ ગુનાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ગુનો કબુલ કરેલ નથી તેમ જણાવતા આરોપીઓ સામે કેસની કાર્યવાહી અદાલત ધ્વારા આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો:–</u>**

| **આંક** | **સાહેદનું નામ** | **પુરાવો નોંધેલ તારીખ** |
|---|---|---|
| ૦૯ | ફરીયાદી બફાતીશાખાન કાલુશા દિવાનની જુબાની | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૧૧ | પંચસાહેદ આશીકબેગ મચુદ્દીનબેગ મિર્જાની જુબાની | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૧૩ | પંચસાહેદ સિકંદરમીયા હબીબમીયા શેખની જુબાની | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૧૪ | સાહેદ નજીરમીયા મોહંમદમીયા પઠાણની જુબાની | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૧૫ | સાહેદ સાબીરાબીબી નજીરશા દિવાનની જુબાની | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૧૬ | સાહેદ પરવેજશા નજીરશા દિવાનની જુબાની | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૧૯ | ત.ક.અ. જિતેન્દ્રસિંહ ભીમસિંહ ચાવડાની જુબાની | ૧૨/૦૩/૨૦૨૬ |

<u>દસ્તાવેજી પુરાવો:–</u>

| <u>આંક</u> | <u>દસ્તાવેજની વિગત</u> | <u>દસ્તાવેજ રજુ થયેલ તારીખ</u> |
|---|---|---|
| ૧૦ | ફરીયાદ | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૧૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૧૭ | બફાતીશા દિવાનનું સી.એચ.સી. ઠાસરાનું એમ.એલ.સી. | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૧૮ | બફાતીશા દિવાનનું ડો. એન.ડી. દેસાઈ હોસ્પિટલ, નડિયાદનું એમ.એલ.સી. | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૨૦ | ટેલિફોન વર્ધી | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૨૧ | સુચિપત્ર | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૨૨ | બી.એન.એસ.એસ.ની કલમ–૩૫(૩) હેઠળની નોટીસ | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૨૩ | બી.એન.એસ.એસ.ની કલમ–૩૫(૩) હેઠળની નોટીસ | ૧૨/૦૩/૨૦૨૬ |
| ૨૪ | બી.એન.એસ.એસ.ની કલમ–૩૫(૩) હેઠળની નોટીસ | ૧૨/૦૩/૨૦૨૬ |

(૫) આ કામે ફરીયાદી તથા અન્ય સાહેદોનો સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો આ કામના આરોપીઓ વિરૂઘ્ધનો પુરાવો મળી આવેલ હોય આરોપીઓનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને તેમાં આરોપીઓએ તેઓની વિરુઘ્ધ પડેલ મુખ્યત્વે હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી તેમજ બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, ''ખેતીની જમીન અંગે નામ. કોર્ટમાં સીવીલ દાવાની કાર્યવાહી ચાલુ છે. તે કામે અમારી સામે ખોટી ફરીયાદ ઉપજાવી કાઢેલ છે અને ખોટી ફરીયાદ કરેલ છે.'' ત્યારબાદ આ કામે બન્ને પક્ષોની દલીલો સાંભળવા આવેલ છે.

(૬) આ કામે વિ.એ.પી.પી.શ્રી દલીલ કરતા જણાવે છે કે, આ કામના આરોપીઓએ બનાવ સમયે બનાવ સ્થળે આ કામના આરોપી નં.૩ નાઓએ ફરીયાદીને કહેલ કે, ''તારે ખેતરમાં ખેડવા જવાનુ નહી.'' જેથી ફરીયાદીએ કહેલ કે, ''તમારુ જમીનમાં નામ નથી

અને ભાગ પણ નથી, હું કેમ મારા ખેતરે ખેડવા ન જાઉ'' તેમ કહેતા આરોપી નં.૩ નાઓ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલવા લાગેલ અને આરોપી નં.૩ નું ઉપરાણુ લઈ આરોપી નં.૧, ૨ નાઓ ગમેતેમ ગાળો બોલતા બોલતા આવેલ અને તે વખતે આરોપી નં.૩ નાઓએ ફરીયાદીનું મોઢુ તથા ફેટ પકડી ઝપાઝપી કરતા ફરીયાદી નીચે પડી જતા આરોપી નં.૨ નાઓ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી પેઢીમાં લાતો મારી તેમજ આરોપી નં.૧ નાઓ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી છાતીના ભાગે ગડદાપાટુનો માર મારી ત્રણેય આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ છે. ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ છે. આરોપીઓને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

આ કામે બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા પોતાની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોએ ફરીયાદીની ફરીયાદને સમર્થન આપતો પુરાવો આપેલ નથી. ત.ક.અમલદારના પુરાવા મુજબ પણ આરોપીઓની સંડોવણી સાબિત થતી નથી. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ ન હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર વિનંતી કરેલ છે.

(૭) આ કેસનો નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ એવુ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૦/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૧:૦૦ વાગ્યાના સુમારે મોજે સાંઢેલી, મોટા ફળીયાના નાકા પાસે અગીયારેક વાગે આ કામના આરોપી નં.૩ નાઓએ ફરીયાદીને કહેલ કે, ''તારે ખેતરમાં ખેડવા જવાનુ નહી.'' જેથી ફરીયાદીએ કહેલ કે, ''તમારુ જમીનમાં નામ નથી અને ભાગ પણ નથી, હું કેમ મારા ખેતરે ખેડવા ન જાઉ'' તેમ કહેતા આરોપી નં.૩ નાઓ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલવા લાગેલ અને આરોપી નં.૩ નું ઉપરાણુ લઈ આરોપી નં.૧, ૨ નાઓ ગમેતેમ ગાળો બોલતા બોલતા આવેલ અને તે વખતે આરોપી નં.૩ નાઓએ ફરીયાદીનું મોઢુ તથા ફેટ પકડી ઝપાઝપી

કરતા ફરીયાદી નીચે પડી જતા આરોપી નં.૨ નાઓ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી પેઢીમાં લાતો મારી તેમજ આરોપી નં.૧ નાઓ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી છાતીના ભાગે ગડદાપાટુનો માર મારી ત્રણેય આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૧૧૫(૨), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ મુજબનો ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,
(૨) આખરી હુકમ મુજબ.

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નં.૧ :–</u>**

(૯) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૯ થી સાહેદ નંબર–૧ ફરીયાદી બફાતીશા કાલુશા દિવાનને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''બનાવ આશરે પાંચ છ મહિના પહેલા સવારે અગીયાર વાગ્યાના અરસામાં સાંઢેલી ટપાલીવાળા ફળીયામાં તળાવ નજીક બનેલ. બનાવના દિવસે હું સવારના દસેક વાગે મારી જમીન ખેડવાની હોય મારા ભાગીદાર નજીરખાન શેખના ઘરે ગયેલ હતો અને ખેતર ખેડવાની વાતચીત કરી હું મારા ખેતરે જવા ચાલતો નીકળેલ તે વખતે અગીયાર વાગે ટપાલીવાળા ફળીયા પાસે તળાવ નજીક મુમતાજબેન દિવાન મારી પાસે આવેલા અને કહેલ કે, તારે ખેતર ખેડાવા જવાનું નથી અને મારા ભાગીદાર ટ્રેકટર લઈને આવેલ હોય અને તેમને પણ કહેલ કે, તારે પણ ખેડવા જવાનું નથી તેમ કહી મારી સાથે બોલાચાલી કરવા લાગેલા. બોલાચાલી દરમ્યાન અહેમદશા કાલુશા દિવાન ઈસ્માઈલશા અહેમદશા દિવાન પણ આવેલા અને ત્રણેય જણા મારી સાથે બોલાચાલી કરવા લાગેલા. બોલાચાલી દરમ્યાન ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને ધકકામુકકી દરમ્યાન પડી જવાથી મને ઈજા થયેલ. જે અંગેની મેં ઠાસરા

સરકારી દવાખાનામાં તેમજ નડીઆદ એનડી દેસાઈ હોસ્પિટલમાં સારવાર લીધેલ. બનાવ અંગેની મેં આરોપી વિરુધ્ધ ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે, જે ઓળખુ છું, જેને રજુ દાખલ આંક–૧૦ આપવામાં આવે છે. આરોપીઓએ મને બીભસ્ત ગાળો આપેલ હોય કે માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી. હું આરોપીઓને જોયેથી ઓળખી શકુ, જે આરોપીઓ આજરોજ નામ. કોર્ટમાં હાજર છે.''

આ સાહેદ ફરીયાદની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવા વિ.એ.પી.પી.શ્રીએ વિનંતી કરતા આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ લીધેલ ઉલટતપાસમાં આ સાહેદે ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે અમો ફરીયાદીને આરોપીએ કોઈ ગડદાપાટુનો માર મારેલ નથી. એ વાત ખરી છે કે આરોપીએ કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે ધકકામુકકીમાં પડી જવાથી સામાન્ય ઈજા થયેલી. એ વાત ખરી છે કે અમારે અને આરોપીઓ સાથે દિવાની તકરાર છે અને સીવીલ કોર્ટમાં દાવા ચાલે છે. એ વાત ખરી છે કે હાલમાં અમો ગામમાં સારી રીતે ગામમાં હરીફરી શકીએ છીએ. એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ–સરનામુ પુછેલુ તે સિવાય બનાવ બાબતે બીજી કોઈ હકીકત પુછેલી નહી.''

(૧૦) ફરીયાદ પક્ષે આંક–૧૧ થી પંચસાહેદ આશીકબેગ મયુદ્દીનબેગ મિર્જાને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''તા.૨૨/૦૯/૨૦૨૫ ના રોજ હું ઠાસરા પોલીસે મને ઠાસરા પોલીસ સ્ટેશને બોલાવી મને પોલીસે પંચનામામાં સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. પંચનામાની વિગત મેં વાંચલી નહી. પોલીસે પણ મને પંચનામાની વિગત વાંચી સંભળાવેલી નહી. મારી કોઈ ગુનાવાળી

જગ્યાનું પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નહી. મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં અનુ. નં.૧ ઉપર મારી સહી છે, જે ઓળખુ છું, જેને રજુ દાખલ આંક–૧ર આપવામાં આવે છે.''

આ પંચસાહેદ પંચનામાની વિગતોને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવા વિ.એ.પી.પી.શ્રીએ વિનંતી કરતા આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ લીધેલ ઉલટતપાસમાં આ પંચસાહેદે ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે મેં તૈયાર લખેલા પંચનામામાં સહી કરેલી.''

(૧૧) ફરીયાદ પક્ષે આંક–૧૩ થી પંચસાહેદ સિકંદરમીયા હબીબમીયા શેખને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''તા.૨૨/૦૯/૨૦૨૫ ના રોજ હું ઠાસરા પોલીસે મને ઠાસરા પોલીસ સ્ટેશને બોલાવી મને પોલીસે પંચનામામાં સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. પંચનામાની વિગત મેં વાંચલી નહી. પોલીસે પણ મને પંચનામાની વિગત વાંચી સંભળાવેલી નહી. મારી કોઈ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નહી. મને આંક–૧ર વાળુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં અનુ. નં.ર ઉપર મારી સહી છે, જે ઓળખુ છું.''

આ પંચસાહેદ પંચનામાની વિગતોને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવા વિ.એ.પી.પી.શ્રીએ વિનંતી કરતા આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ લીધેલ ઉલટતપાસમાં આ પંચસાહેદે ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે મેં તૈયાર લખેલા પંચનામામાં સહી કરેલી.''

(૧૨) ફરીયાદ પક્ષે આંક–૧૪ થી સાહેદ નજીરમીયા મોહંમદમીયા પઠાણને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''બનાવ આશરે પાંચ છ મહિના પહેલા સવારે અગીયાર વાગ્યાના અરસામાં સાંઢેલી ટપાલીવાળા ફળીયામાં તળાવ નજીક બનેલ. બનાવના દિવસે બફાતીશાખાન કાલુશા દિવાનની જમીન ખેડવાની હોય તેઓ સવારના દસેક વાગે મારે ઘરે આવેલ હતા અને ખેતર ખેડવાની વાતચીત કરી તેઓ તેમના ખેતરે ચાલતા નીકળેલા અને થોડીવાર પછી હું ટ્રેકટર લઈને ટપાલીવાળા ફળીયા પાસે આવેલ તે વખતે અગીયાર વાગે ટપાલીવાળા ફળીયા પાસે તળાવ નજીક મુમતાજબેન દિવાન અમારી પાસે આવેલા અને બફાતીશાખાનને કહેલ કે, તારે ખેતર ખેડાવા જવાનું નથી અને મને પણ કહેલ કે, તારે પણ ખેડવા જવાનું નથી તેમ કહી બફાતીશાખાન કાલુશા દિવાન સાથે બોલાચાલી કરવા લાગેલા. બોલાચાલી દરમ્યાન અહેમદશા કાલુશા દિવાન ઈસ્માઈલશા અહેમદશા દિવાન પણ આવેલા અને ત્રણેય જણા બફાતીશાખાન કાલુશા દિવાન સાથે બોલાચાલી કરવા લાગેલા. બોલાચાલી દરમ્યાન ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને ધકકામુકકી દરમ્યાન પડી જવાથી બફાતીશાખાન કાલુશા દિવાનને ઈજા થયેલ. જે અંગેની તેમણે ઠાસરા સરકારી દવાખાનામાં તેમજ નડીઆદ એનડી દેસાઈ હોસ્પિટલમાં સારવાર લીધેલ. બનાવ અંગેની બફાતીશાખાન કાલુશા દિવાનનાઓએ આરોપી વિરુધ્ધ ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ. પોલીસને મેં બનાવાવાળી જગ્યા બતાવેલી જેનું પોલીસે પંચની રૂબરૂ પંચનામુ કરેલ. આરોપીઓએ મારી હાજરીમાં બફાતીશાખાન કાલુશા દિવાનને બીભસ્ત ગાળો આપેલ હોય કે માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી. હું આરોપીઓને જોયેથી ઓળખી શકુ, જે આરોપીઓ આજરોજ નામ. કોર્ટમાં હાજર છે.''

આ સાહેદ ફરીયાદની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવા વિ.એ.પી.પી.શ્રીએ વિનંતી કરતા આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ લીધેલ ઉલટતપાસમાં આ સાહેદે ફરીયાદપક્ષને

મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે પોલીસે મારુ ફકત નામઠામ પુછેલુ તે સિવાય અન્ય કોઈ વાત પુછેલી નહી. એ વાત ખરી છે કે મેં પોલીસને કોઈ જગ્યા બતાવેલ નહી. એ વાત ખરી નથી કે હું ફરીયાદીની જમીન ખેડતો હોઉ તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.''

(૧૩) ફરીયાદ પક્ષે આંક–૧૫ થી સાહેદ સાબીરાબીબી નજીરશા દિવાનને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''બનાવ આશરે પાંચ છ મહિના પહેલા સવારે અગીયાર વાગ્યાના અરસામાં સાંઢેલી ટપાલીવાળા ફળીયામાં તળાવ નજીક બનેલ. બનાવના દિવસે હું મારી સાસરી ઠાસરા ખાતે હતી તે વખતે મારા ભાઈ અસલમશાનો મારી ઉપર ફોન આવેલ અને મને જણાવેલ કે આપણા પપ્પા સવારના દસેક વાગે આપણી જમીન ખેડવાની હોય આપણા ભાગીદાર નજીરખાન શેખના ઘરે ગયેલા હતા અને ખેતર ખેડવાની વાતચીત કરી આપણા પપ્પા આપણા ખેતરે જવા ચાલતા નીકળેલા તે વખતે અગીયાર વાગે ટપાલીવાળા ફળીયા પાસે તળાવ નજીક મુમતાજબેન દિવાન તેમની પાસે આવેલા અને કહેલ કે, તારે ખેતર ખેડાવા જવાનું નથી અને આપણા ભાગીદાર ટ્રેકટર લઈને આવેલ હોય અને તેમને પણ કહેલ કે, તારે પણ ખેડવા જવાનું નથી તેમ કહી આપણા પપ્પા સાથે બોલાચાલી કરવા લાગેલા. બોલાચાલી દરમ્યાન અહેમદશા કાલુશા દિવાન ઈસ્માઈલશા અહેમદશા દિવાન પણ આવેલા અને ત્રણેય જણા આપણા પપ્પા સાથે બોલાચાલી કરવા લાગેલા. બોલાચાલી દરમ્યાન ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને ધકકામુકકી દરમ્યાન પડી જવાથી પપ્પાને ઈજા થયેલ. જે અંગેની તેમણે ઠાસરા સરકારી દવાખાનામાં તેમજ નડીઆદ એનડી દેસાઈ હોસ્પિટલમાં સારવાર લીધેલ. બનાવ અંગેની મારા પપ્પાએ આરોપીઓ વિરુઘ્ધ ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ. આરોપીઓએ મારા પિતાને બીભસ્ત ગાળો આપેલ હોય કે માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી.''

આ સાહેદ ફરીયાદની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ

જાહેર કરવા વિ.એ.પી.પી.શ્રીએ વિનંતી કરતા આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ લીધેલ ઉલટતપાસમાં આ સાહેદે ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે બનાવ સમયે હું મારી સાસરીમાં હોય જેથી બનાવની મને કોઈ જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે બનાવની જાણ મને મારાભાઈ અસલમભાઈએ ફોનથી કરેલી. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા પિતા થતા હોય તેમના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.''

(૧૪) ફરીયાદ પક્ષે આંક–૧૬ થી સાહેદ પરવેજશા નજીરશા દિવાનને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''બનાવ આશરે પાંચ છ મહિના પહેલા સવારે અગીયાર વાગ્યાના અરસામાં સાંઢેલી ટપાલીવાળા ફળીયામાં તળાવ નજીક બનેલ. બનાવના દિવસે મારા મામા અસલમશાનો મારી ઉપર ફોન આવેલ અને મને જણાવેલ કે, તારા દાદા સવારના દસેક વાગે આપણી જમીન ખેડવાની હોય અમારા ભાગીદાર નજીરખાન શેખના ઘરે ગયેલા હતા અને ખેતર ખેડવાની વાતચીત કરી તારા દાદા ખેતરે જવા ચાલતા નીકળેલા તે વખતે અગીયાર વાગે ટપાલીવાળા ફળીયા પાસે તળાવ નજીક મુમતાજબેન દિવાન તેમની પાસે આવેલા અને તેમને કહેલ કે, તારે ખેતર ખેડાવા જવાનું નથી અને અમારા ભાગીદાર ટ્રેકટર લઈને આવેલ હોય અને તેમને પણ કહેલ કે, તારે પણ ખેડવા જવાનું નથી તેમ કહી તારા દાદા સાથે બોલાચાલી કરવા લાગેલા. બોલાચાલી દરમ્યાન અહેમદશા કાલુશા દિવાન ઈસ્માઈલશા અહેમદશા દિવાન પણ આવેલા અને ત્રણેય જણા તારા દાદા સાથે બોલાચાલી કરવા લાગેલા. બોલાચાલી દરમ્યાન ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને ધકકામુકકી દરમ્યાન પડી જવાથી તારા દાદાને ઈજા થયેલ. જે અંગેની તેમણે ઠાસરા સરકારી દવાખાનામાં તેમજ નડીઆદ એનડી દેસાઈ હોસ્પિટલમાં સારવાર લીધેલ. બનાવ અંગેની મારા દાદાએ આરોપીઓ

વિરુધ્ધ ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ. આરોપીઓએ મારા દાદાને બીભસ્ત ગાળો આપેલ હોય કે માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી.''

આ સાહેદ ફરીયાદની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવા વિ.એ.પી.પી.શ્રીએ વિનંતી કરતા આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ લીધેલ ઉલટતપાસમાં આ સાહેદે ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે બનાવ સમયે હું મારા ગામ ઠાસરા મુકામે મારા ઘરે હોય જેથી બનાવની મને કોઈ જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે બનાવની જાણ મને મારા મામા અસલમભાઈએ ફોનથી કરેલી. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા દાદા થતા હોય તેમના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.''

(૧૫) ફરીયાદ પક્ષે આંક–૧૯ થી ત.ક.અમલદાર જિતેન્દ્રસિંહ ભીમસિંહ ચાવડાને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''હું તા.૨૧/૦૯/૨૦૨૫ ના રોજ ઠાસરા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે મારી ફરજ બજાવતો હતો ત્યારે ઠાસરા સીએચસીથી ડો. ભાર્ગવ પટેલનાઓએ દર્દી બફાતીશા કાલુશા દિવાનનાઓને ઝઘડામાં ઈજા થયેલ અને સારવાર લેવા માટે તેઓ આવેલ તે અંગેની વર્ધી લખાવેલ તે વર્ધીનો ઉતારો બતાવવામાં આવે છે, જેમાં પી.એસ.ઓ.શ્રી મનીતાબેન દિનેશભાઈની સહી છે, જે ઓળખુ છું, જેને રજુ દાખલ આંક–૨૦ આપવામાં આવે છે. ત્યારબાદ પીએસઓશ્રી મનીતાબેન દિનેશભાઈનાઓએ રૂબરૂ ફરીયાદી બફાતીશા કાલુશા દિવાનનાઓની ફરીયાદ નોંધી લઈ આગળની તપાસ અમોને સોંપેલી હતી. મને સુચી પત્ર બતાવવામાં આવે છે, જેમાં પીએસઓની સહી છે, જે ઓળખુ છું, જેને રજુ દાખલ આંક–૨૧ આપવામાં આવે છે. તપાસના કામે સૌપ્રથમ અમોએ બનાવવાળી જગ્યાનું પંચ આશીકબેગ

મીર્જા અને સીકંદરમીયા શેખનાઓની હાજરીમાં ફરીયાદીએ બનાવવાળી જગ્યા બતાવેલી, જેનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબ અમોએ લખી લીધેલુ અને બંને પંચોએ મારી રૂબરૂ સહી કરેલી. મને કોર્ટ રેકર્ડમાંથી આંક–૧૨ થી રજુ બનાવવાળી જગ્યાનું અસલ પંચનામુ બતાવવામાં આવે છે, તે જોઈને કહુ છું કે, તેમાં મારી સહી છે, જે હું ઓળખુ છું. મેં તપાસના કામે આરોપીને નોટીસ નીકાળી આરોપીને પોલીસ સ્ટેશને બોલાવેલા અને તેઓની પુછપરછ કરેલી. મને તે નોટીસ બતાવવામાં આવે છે, જેમાં મારી તથા આરોપીની સહી છે, જે ઓળખુ છું, જેને રજુ દાખલ આંક–૨૨ થી ૨૪ આપવામાં આવે છે. ત્યારબાદ તપાસના કામે મેં સીએચસી ઠાસરા તથા એન.ડી. દેસાઈ મેડીકલ કોલેજ નડીઆદમાંથી દર્દીના સારવાર સર્ટીફીકેટ મેળવેલ, જે નામ. કોર્ટના રેકર્ડમાં આંક–૧૭ તથા આંક–૧૮ થી રજુ છે. ત્યારબાદ તપાસના કામે મેં સાહેદોના નિવેદન નોંધેલા. આરોપી વિરુધ્ધ નામ. અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ હતુ. આરોપીને જોયેથી ઓળખુ છું, જે નામ. અદાલતમાં હાજર છે તે તે જ છે. મને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકુ.''

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી નથી કે તપાસના કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નહી. એ વાત ખરી નથી કે પંચનામુ મારી રૂબરૂ થયેલ નહી. એ વાત ખરી નથી કે મેં તૈયાર પંચનામામાં પંચોની સહીઓ લીધેલ. એ વાત ખરી નથી કે મેં સાહેદોના નિવેદન મારી રીતે લખી લીધેલ. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ રજુ કરી તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.''

(૧૬) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ''પુરાવાનું

મુલ્યાંકન'' શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે, દરેક કેસની હકીકતો પુરાવો આજુબાજુના પરીબળો તે તમામે તમામ હકીકતો ભીન્ન ભીન્ન પ્રકારના હોય છે.

પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહે છે. ફરીયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરીયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે વાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ: ૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૯ થી ફરીયાદી બફાતીશાખાન કાલુશા દિવાનને તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો વંચાણે લેતા તેઓએ સરતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, આરોપીઓએ તેઓની સાથે ખેતર નહી ખેડવા બાબતે બોલાચાલી કરવા લાગેલા અને બોલાચાલી દરમિયાન ઘણા બધા માણસો ભેગા

થઈ ગયેલ અને ધકકામુકકી થતા પડી જવાથી તેઓને ઈજાઓ થયેલ. વધુમાં તેઓ જણાવે છે કે, આરોપીઓએ તેઓને બીભત્સ ગાળો બોલેલ હોય કે માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી. સદર ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં પણ આરોપીઓએ કોઈ ગડદાપાટુનો માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી તેમજ ધકકામુકકીમાં પડી જવાથી સામાન્ય ઈજા થયેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, હાલમાં તેઓ સારી રીતે ગામમાં હરી ફરી શકે છે. આમ, ફરીયાદીના પુરાવાથી તેઓની ફરીયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી અને જેથી ફરીયાદીની ફરીયાદ હકીકત ફરીયાદીના પુરાવાથી સાબિત થતી નથી અને તેઓના પુરાવાથી આ કામના આરોપીઓની સંડોવણી હોવાનુ સાબિત થતુ નથી અને જેથી ફરીયાદીનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

વધુમાં ફરીયાદ પક્ષ તરફે આંક–૧૪ થી સાહેદ નજીરમીયા મોહંમદમીયા પઠાણને તપાસવામાં આવેલ છે અને તેઓનો પુરાવો વંચાણે લેતા તેઓએ સરતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, આરોપીઓએ ફરીયાદીની સાથે ખેતર નહી ખેડવા બાબતે બોલાચાલી કરવા લાગેલા અને બોલાચાલી દરમિયાન ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ અને ધકકામુકકી થતા પડી જવાથી ફરીયાદીને ઈજાઓ થયેલ. વધુમાં તેઓ જણાવે છે કે, આરોપીઓએ ફરીયાદીને બીભત્સ ગાળો બોલેલ હોય કે માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી. સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં પણ પોલીસે ફકતે તેઓનુ નામઠામ પુછેલે અને તે સિવાય અન્ય કોઈ વાતચીત કરેલ નથી

કે તેઓએ પોલીસને કોઈ જગ્યા બતાવેલી નહી તે મુજબની હકીકત જણાવે છે. આમ, સદર સાહેદના પુરાવાથી ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી અને જેથી અને સદર સાહેદના પુરાવાથી આ કામના આરોપીઓની સંડોવણી હોવાનુ સાબિત થતુ નથી અને જેથી સદર સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

વધુમાં ફરીયાદ પક્ષ તરફે આંક–૧૫ થી સાહેદ સાબીરાબીબી નજીરશા દિવાનને તપાસવામાં આવેલ છે અને તેણીનો પુરાવો વંચાણે લેતા તેણીએ પણ સરતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, આરોપીઓએ તેણીના પિતાની સાથે ખેતર નહી ખેડવા બાબતે બોલાચાલી કરવા લાગેલા અને બોલાચાલી દરમિયાન ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ અને ધકકામુકકી થતા પડી જવાથી તેણીના પિતાને ઈજાઓ થયેલ. વધુમાં તેણી જણાવે છે કે, આરોપીઓએ તેણીના પિતાને બીભત્સ ગાળો બોલેલ હોય કે માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી. સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં તેણીએ જણાવેલ છે કે, બનાવ સમયે તેણી તેણીની સાસરીમાં હોય જેથી બનાવની તેણીને કોઈ જાતમાહિતી નથી અને બનાવની જાણ તેણીને ફોનથી થયેલી. આમ, સદર સાહેદ બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હતી અને તેણીને બનાવની જાણ ફોનથી થયેલ છે અને તેણીનો પુરાવો વંચાણે લેતા તેણીના પુરાવાથી ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી અને જેથી અને સદર સાહેદના પુરાવાથી આ કામના આરોપીઓની સંડોવણી હોવાનુ માની શકાય તેમ નથી.

વધુમાં ફરીયાદ પક્ષ તરફે આંક–૧૬ થી સાહેદ પરવેજશા નજીરશા દિવાનને તપાસવામાં આવેલ છે અને તેઓનો પુરાવો વંચાણે લેતા તેઓએ સરતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, આરોપીઓએ તેઓના દાદાની સાથે ખેતર નહી ખેડવા બાબતે બોલાચાલી

કરવા લાગેલા અને બોલાચાલી દરમિયાન ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ અને ધકકામુકકી થતા પડી જવાથી તેઓના દાદાને ઈજાઓ થયેલ. વધુમાં તેઓ જણાવે છે કે, આરોપીઓએ તેઓનાના પિતાને બીભત્સ ગાળો બોલેલ હોય કે માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી. સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ તેઓના ગામ ઠાસર મુકામે હોય જેથી બનાવની તેમને કોઈ જાતમાહિતી નથી અને બનાવની જાણ તેઓને ફોનથી થયેલી. આમ, સદર સાહેદ પણ બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હતા અને તેઓને પણ બનાવની જાણ ફોનથી થયેલ છે અને તેઓનો પુરાવો વંચાણે લેતા તેઓના પુરાવાથી ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી અને જેથી અને સદર સાહેદના પુરાવાથી આ કામના આરોપીઓની સંડોવણી હોવાનુ માની શકાય તેમ નથી.

આ કામે આંક–૧૨ થી રજૂ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ આશીકબેગ મિર્જાને આંક–૧૧ તથા સહપંચસાહેદ સિંકદરમીયા શેખને આંક–૧૩ થી તપાસેલા છે અને તેઓનો પુરાવો વંચાણે લેતા તેઓએ તૈયાર પંચનામામાં ફકત સહી કરેલી અને તેઓની હાજરીમાં કોઈ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નહી તે મુજબની હકીકત રેકર્ડ ઉપર ફલિત થાય છે, જેથી સદર પંચસાહેદોના પુરાવાથી આંક–૧૨ વાળા પંચનામાની વિગતો પુરવાર થતી નથી.

સદર કામે આંક–૧૯ થી સદર ગુનાની તપાસ કરનાર અમલદાર જિતેન્દ્રસિંહ ભીમસિંહ ચાવડાને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેઓના પુરાવામાં સરતપાસમાં તેઓની તપાસને અનુરૂપ પુરાવો આપેલ છે, જયારે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ બચાવ પક્ષ તરફે પૂછવામાં આવેલ દરેક સવાલોનો ઈન્કાર કરતા જવાબ આપેલ છે.

આમ, જયારે ફરીયાદી તથા સાહેદોના પુરાવા મુજબ બોલાચાલી દરમિયાન ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા હોય અને ધકકામુકકી થયેલ હોય અને તેમાં પડી જવાથી ફરીયાદીને ઈજાઓ થયેલ હોય ત્યારે હાલના આરોપીઓ ધ્વારા જ ફરીયાદી ઈજા પહોંચાડવામાં આવેલ છે તે હકીકત પુરવાર થતી નથી અને હાલના આરોપીઓ ધ્વારા ફરીયાદીને ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી માર મારવામાં આવેલ હોય તે પુરવાર કરતી કોઈ તપાસ આ કામના ત.ક.અમલદારે કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ત.ક.અમલદારે આરોપીઓની ગુનામાં સંડોવણી હોય તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજૂ રાખેલ નથી. આમ, તપાસ કરનાર અમલદારના પુરાવાથી હાલના આરોપીઓએ ફરીયાદીને માર મારેલ હોય કે બીભત્સ ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી અને તે હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

આ તબકકે ૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં.૮૫ સતિષ મેહરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશનનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદા મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરિયાદપક્ષને સમર્થન આપેલ ના હોય ત્યારે બાકીના સાાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. નામ. સર્વોચ્ચ અદાલતે એવું નીરીક્ષણ કરેલ છે કે:–

"When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

આ તબકકે આ તબકકે 2022 (0) AIJEL-HC 244787, રંજનબેન વિ. ગુજરાત રાજયના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેવો જોઈએ જે નીચે મુજબ છે.

"(a) Code of Criminal Procedure, 1973 - S. 378 - Indian Penal Code, 1860 - S. 323, 506(2), 452, 427, 114 - appeal against acquittal - offence of voluntarily causing hurt, intentional insult, criminal intimidation, trespassing and mischief - appellant/complainant alleged

that she had gone to stop accused from playing loud music - accused entered her verandah and inflicted her with kicks and fist blows - she was abused and threatened - her gown was torn - her son was beaten with cycle chain - order passed by Trial Court acquitting accused - challenged – contention that acquittal was made merely on basis of minor contradictions and omissions in evidence of witnesses - held, no medical treatment was taken in connection to incident - witnesses have changed place of incident, contradictory to investigation carried out- witnesses who are neighbours of complainant have not supported prosecution case and their evidence cannot be relied upon - major contradictions in complaint and evidence of complainant - evidence of all witnesses are contradictory regarding hold of complainant's son by accused and inflicting blows on his neck - no torn gown has been seized by investigating agency - thus, aspect of tearing gown is also doubtful - allegation of using abusive language and threats are also not proved - prosecution has failed to prove the case against accused by leading with cogent and convincing evidence - no interference with order of acquittal - appeal dismissed. (Para 21,23,25,26,27,28)."

આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતે ''પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત'' જે ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન નં. ૩૩૭ ના ચુકાદામાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેવો જોઈએ, જે નીચે મુજબ છે.

"In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public

peace or to commit any other offence."

આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતો જોતા તેના પેરા–૨૮ માં એમ ઠરાવેલ છે કે,

"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

નામદાર સર્વોચ્ચ અદાલતે ''દિગમ્બર વૈષ્ણવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ'' નો ચુકાદો કે જે (૨૦૧૯)(૪) (એસ.સી.સી.– પેજ નં.૫૨૨) માં પ્રસિધ્ધ થયેલ છે, જેના પેરા–૧૫ તથા ૧૯ માં ઠરાવેલ છે કે,

"15. One of the fundamental principles of criminal jurisprudence is

undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.

19. It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [See Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808]."

આમ, નામ. વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને રાખી હાલના કેસની હકીકત જોવામાં આવે તો, ફરીયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ ફરીયાદી, સાહેદો, પંચસાહેદો તથા ત.ક.અમલદારે ફરીયાદ પક્ષના કેસની હકીકતને સચોટ અને સાંયોગિક પુરાવાથી પુરવાર કરેલ નથી. આમ, ઉપરોક્ત વિગતે ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીઓએ ફરીયાદીને માર મારી, બીભત્સ ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવા અંગે ફરીયાદ પક્ષ તરફે કોઈ સચોટ અને સબળ પુરાવો રજુ થયેલ નથી, જેથી ફરીયાદ પક્ષ આરોપીઓ સામેના ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ મુજબનું

શિક્ષાપાત્ર ગુનાનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: આ ખ રી હુ ક મ ::</u>**

(૧) આ કામના આરોપી નં.**(૧) ઈસ્માઈલશા સ/ઓ અહેમદશા કાલુશા ફકીર (દિવાન), ઉં.વ.૨૬** તથા આરોપી નં.**(ર) અહેમદશા કાલુશા ફકીર (દિવાન), ઉં.વ.૫૭** તથા આરોપી નં.**(૩) મુમતાજબીબી વા/ઓ અહેમદશા કાલુશા ફકીર (દિવાન), ઉં.વ.૫૭, તમામ રહે. સાંઢેલી, દિવાન ફળીયુ, તા.ઠાસરા, જિ.ખેડા**નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ મુજબના સજાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓએ અગાઉ આપેલ જામીન આથી રદ્દ કરવામાં આવે છે. આ કામના આરોપીઓએ આ કામે અપીલ થયેથી એપેલેટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની કોર્ટમાં રજુ કરવા.

હુકમ આજરોજ તા.૩૦ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
VIPULKUMAR AMRUTLAL
THAKKAR
on 30/04/2026 17:03:59 IST.

તારીખ : ૩૦/૦૪/૨૦૨૬
સ્થળ : ઠાસરા

**(વિપુલ અમૃતલાલ ઠક્કર)**
જ્યુડી.મેજી.ફ.ક., ઠાસરા
જીજે ૦૧૪૫૫